અપીલ અરજી નં.૨૭૯ તા.૨૭–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી કાંતીલાલ ખીમજીભાઈ પરમાર

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કાંતીલાલ ખીમજીભાઈ પરમારની તા.૩૦–૯–૦૯ ની અરજીથી (૧) મારી નોકરીના ૨૪ વર્ષના સમય થયો હોવા છતાં મને ફકત ૧૦ વર્ષ બાદ જનરલ કેટેગરીના કર્મચારીઓને મળે છે. તેજ પ્રમોશન આપવામાં આવ્યું છે. જયારે હું અનુસુચિત જાતિનો કર્મચારી છું તો મને રોસ્ટર મુજબ પ્રમોશન કેમ આપવામાં આવ્યું નથી? (૨) સુપ્રીમ કોર્ટના રૂલીંગ મુજબ એસ.સી./એસ.ટી. કર્મચારીઓને ૪૦ % પ્રમોશન રોસ્ટર મુજબ આપવાનું હોય છે. જે સુપ્રીમ કોર્ટના રૂલીંગની નકલ આ સાથે સામેલ છે. તો ૨૪ વર્ષના ફરજ કાળ દરમ્યાન મને કયા સ્ટેજે પ્રમોશનમાં રોસ્ટરનો લાભ આપવામાં આવ્યો છે. તે જણાવવા. (૩) એસ.સી./એસટી. કારકુન કેડરના કર્મચારીઓની રોસ્ટર મુજબ પ્રમોશન અંગેની કોઈ અલગથી યાદી બનાવવામાં આવેલ હોય તો તેની નકલ આપવા અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૭–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૭૯/૨૦૦૯–૧૦

શ્રી કાંતીલાલ ખીમજીભાઈ પરમારની તા.૩૦–૯–૦૯ ની અરજીથી (૧) મારી નોકરીના ૨૪ વર્ષના સમય થયો હોવા છતાં મને ફકત ૧૦ વર્ષ બાદ જનરલ કેટેગરીના કર્મચારીઓને મળે છે. તેજ પ્રમોશન આપવામાં આવ્યું છે. જયારે હું અનુસુચિત જાતિનો કર્મચારી છું તો મને રોસ્ટર મુજબ પ્રમોશન કેમ આપવામાં આવ્યું નથી? (૨) સુપ્રીમ કોર્ટના રૂલીંગ મુજબ એસ.સી./એસ.ટી. કર્મચારીઓને ૪૦ % પ્રમોશન રોસ્ટર મુજબ આપવાનું હોય છે. જે સુપ્રીમ કોર્ટના રૂલીંગની નકલ આ સાથે સામેલ છે. તો ૨૪ વર્ષના ફરજ કાળ દરમ્યાન મને કયા સ્ટેજે પ્રમોશનમાં રોસ્ટરનો લાભ આપવામાં આવ્યો છે. તે જણાવવા. (૩) એસ.સી./એસટી. કારકુન કેડરના કર્મચારીઓની રોસ્ટર મુજબ પ્રમોશન અંગેની કોઈ અલગથી યાદી બનાવવામાં આવેલ હોય તો તેની નકલ આપવા અંગેની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૨૭૧ તા.૨૬–૧૦–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૬૧ તા.૩–૧૨–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક પત્ર નં.જીએડી/ઈએસટી/૨૮૨૩ તા.૯–૧૨–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, આપેલ માહિતીના પત્ર નં. જીએડી/ઈએસટી/૨૨૭૧ તા.૨૬–૧૦–૦૯ ના પત્રની નકલ,નોંધ વિભાગ, સેન્ટ્રલઝોનમાંથી તબદીલ થયેલ અરજીની નકલ, સુપ્રિમ કોર્ટની પીટીશન ૧૦૦૩–૦૫ ૧૯૮૪ ની નકલ, મજકુર કર્મચારીની સર્વીસબુક રેકર્ડના પેજ નં.૧,૨ ની નકલ તથા તેના પ્રમોશન અંગેની યાદીની નકલ, રોસ્ટરના અમલ અંગે તા.૧૯–૧૧–૦૭ ના રીપોર્ટની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૩૦–૯–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભ બાબત મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.જીએડી/ઈએસટી/૨૨૭૧ તા.૨૬–૧૦–૦૯ થી અરજદારને મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવામાં આવેલ. મુદ્દા નં.(૧) મારી નોકરીના ૨૪ વર્ષના સમય થયો હોવા છતાં મને ફકત ૧૦ વર્ષ બાદ જનરલ કેટેગરીના કર્મચારીઓને મળે છે. તેજ પ્રમોશન આપવામાં આવ્યું છે. જયારે હું અનુસુચિત જાતિનો કર્મચારી છું તો મને રોસ્ટર મુજબ પ્રમોશન કેમ આપવામાં આવ્યું નથી?તેવા પૂછેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાના પ્રવર્તમાન વિનિયમો મુજબ કારકુન કેડરમાં ૧૦ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવામાં આવે છે. જયારે જગ્યાની ઉપલબ્ધી અનુસાર પોસ્ટીંગ આપવામાં આવેલ છે. તેવી માહિતી પૂરી પાડેલ છે. મુદ્દા નં. (૨) સુપ્રીમ કોર્ટના રૂલીંગ મુજબ એસ.સી./એસ.ટી. કર્મચારીઓને ૪૦ % પ્રમોશન રોસ્ટર મુજબ આપવાનું હોય છે. જે સુપ્રીમ કોર્ટના રૂલીંગની નકલ આ સાથે સામેલ છે. તો ૨૪ વર્ષના ફરજ કાળ દરમ્યાન મને કયા સ્ટેજે પ્રમોશનમાં રોસ્ટરનો લાભ આપવામાં આવ્યો છે. તેવા પૂછેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં સુરત મહાનગરપાલિકા એક સ્વાયત્ત સંસ્થા છે કર્મચારી શ્રી કાંતિલાલ કે. પરમાર (કર્મ. નં.૧૦૭૫૯) ની પસંદગી રોસ્ટર મુજબ કરવામાં આવી હતી સુરત મહાનગરપાલિકાના પ્રવર્તમાન વિનિયમો મુજબ જગ્યાની ઉપલબ્ધી અનુસાર તા.૧૩–૬–૦૨ થી બીજી શ્રેણી કલાર્કનું પોસ્ટીંગ આપવામાં આવેલ છે.તેવી માહિતી પૂરી પાડેલ છે. મુદ્દા નં.(૩) એસ.સી./એસટી. કારકુન કેડરના કર્મચારીઓની રોસ્ટર મુજબ પ્રમોશન અંગેની કોઈ અલગથી યાદી બનાવવામાં આવેલ હોય તો તેની નકલ આપવા અંગેની માહિતી માંગવામાં આવેલ તેવા પૂછેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં રોસ્ટર મુજબ પસંદગી પામેલ કારકુન કેડરમાં કર્મચારીની નિમણક બાદ સદર કેડરની સેકશન ઓફિસર સિવાયની તમામ જગ્યા ૧૦૦% પ્રમોશનથી ભરવાની જોગવાઈ છે. તેવી માહિતી પૂરી પાડેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૨૭–૧૧–૦૯ ના રોજ અપીલ અરજી કરી એસ.સી./એસ.ટી. કારકુન કેડરના કર્મચારીઓની રોસ્ટર મુજબ પ્રમોશન અંગેની કોઈ અલગથી યાદી બનાવેલ હોય તો તેની નકલની માહિતી

મળેલ નથી. સુપ્રિમકોર્ટના રૂલીંગ મુજબ પ્રત્યુત્તર આપેલ નથી. સુરત મહાનગરપાલિકામાં અનામત પ્રથા મુજબ એસ.સી/એસ.ટી કર્મચારીને નોકરી આપવામાં આવે છે. જયારે જાહેર માહિતી અધિકારીએ મારી નિમણૂંક રોસ્ટર મુજબ થઈ હોવાનું જણાવે છે. તો એસ.સી/એસ.ટી કર્મચારીઓને અનામત પ્રથા મુજબ પસંદગી કરવામાં આવે છે કે રોસ્ટર પ્રથા મુજબ પસંદગી કરવામાં આવે છે. જે સમજમાં આવતું નથી તેવી રજૂઆત અપીલમાં કરેલ છે. જે અંગે તા.૨૪–૧૨–૦૯ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ. જેમાં અરજદાર સાંજે ૪.૩૦ કલાક સુધી હાજર રહેલ ન હતાં. સુનાવણી પૂર્વે અરજદારને ટેલીફોનીક જાણ કરવામાં આવી હતી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ અને મ. જાહેર માહિતી અધિકારી હાજર રહી ૩ મુદ્દાની માહિતી સમયસર આપવામાં આવી છે. રોસ્ટર રજીસ્ટર મહાનગરપાલિકા સ્વાયત્ત સંસ્થા હોઈ રાજય સરકારના નિતિ નિયમો મુજબ રોસ્ટર રજીસ્ટર નિભાવવામાં આવે છે પરંતુ એસ.ટી/એસ.સીના ઉમેદવારો માટે બીજા અલગ રોસ્ટર રજીસ્ટર નિભાવવાનું રહેતું નથી. અરજદારને રજીસ્ટરના ઈન્સ્પેકશન માટે બોલાવી શકાય. તેવી રજૂઆત કરેલ છે. અરજદારના મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી બાબતે કોઈ વિવાદને સ્થાન નથી જયારે મુદ્દા નં.૩ માં અરજદારે એસ.ટી/એસ.સી કેડરના કર્મચારીઓની પ્રમોશન અંગેની કોઈ અલાયદી યાદી બનાવેલ હોય તો તેની માંગણી અંગે નકલની માંગણી કરેલ છે. જે અંગે સુનાવણી તબકકે મ. જાહેર માહિતી અધિકારી તરફથી એસ.સી/એસટીના ઉમેદવાર માટે બીજા અલગ રોસ્ટર રજીસ્ટર નિભાવવાનું રહેતું નથી તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તા પાસેની ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન દિન–૭ માં બાબત હેઠળ લાગત નિભાવવામાં આવતાં રોસ્ટર રજીસ્ટરના દફતરનું ઈન્સ્પેકશન કરી શકે છે. જે માટે કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી અરજદારે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧)ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી કાંતીલાલ ખીમજીભાઈ પરમાર